# શહેરમાં વધુ એક પોઝીટીવ કેસ

## વધુ બે દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાઈ તો પાંચ શંકાસ્પદ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ થયા : એક મૃત્યુ નોંધાતા ચિંતા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે કોરોનાથી એક દર્દીનું મોત થયુ છે જ્યારે વધુ એક કેસ કોરોનાનો પોઝીટીવ આવ્યો છે.

મળતી બિનસત્તાવાર વિગતો મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી આજે વધુ બે દર્દીઓ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

આ ઉપરાંત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે વધુ એક કેસ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી પણ સંક્રમણને કારણે પોઝીટીવ આવેલ છે અને આ દર્દી ઉમંગના ફુઆ અશોક પટેલના પરિવારનો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગરમાં આ નવા દર્દીના આગમન સાથે કેસોની સંખ્યા વધીને ૧૪ થઈ છે જેમાં બે કેસ વિદેશ પ્રવાસની હિસ્ટ્રી ધરાવે છે જ્યારે ૧૨ દર્દીઓ આ બે થી સંક્રમિત થઈ અને કોરોનામાં સપડાયા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે કોરોનાથી મૃત્યુ થતાં સિવિલ સંકુલમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

સિવિલમાંથી આજે વધુ બે દર્દીને રજા આપવામાં આવી છે અને આ બન્ને પુરૂષ દર્દી હોવાનું જાણવા મળેલ છે. આ સાથે ગાંધીનગર સિવિલમાંથી સંપૂર્ણ સાજા થઈ અને રજા મેળવી હોય તેવા દર્દીઓની સંખ્યા ૫ થઈ છે. જેમાં ત્રણ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

દરમ્યાન મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે વધુ પાંચ શંકાસ્પદ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા છે.

હોસ્પિટલમાંથી આજે રજા અપાયેલ દર્દીઓને ૧૪ દિવસ હોમ ક્વોરોન્ટાઈનમાં રહેવાની કડક સૂચના હોસ્પિટલ તંત્રએ આપી હોવાનું જાણવા મળેલ છે.

## શહેરમાં કોરોનાથી પ્રથમ મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૦

કોરોના વાયરસથી સંક્રમિત થયેલ ઉમંગના દાદા સાંકળચંદ પટેલનું આજે સવારે સારવાર દરમ્યાન દુઃખદ અવસાન થયુ છે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાથી આ પહેલુ મૃત્યુ નોંધાતા તંત્રમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

સાંકળચંદભાઈ પટેલ ત્રણ દિવસથી વેન્ટીલેટર પર સારવાર હેઠળ હતા. જોકે તેઓ હોસ્પિટલમાં તો ૧૦ દિવસથી પણ વધુ સમયથી સારવાર હેઠળ હતા.

ઉમંગના દાદાનું અવસાન થયાના સમાચારથી બિલ્ડર લોબી પણ આઘાતમાં સરી પડી હતી. ઉમંગના બા ઈચ્છાબેનને હમણાં ગત સપ્તાહમાં જ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. બા-દાદા બન્ને સંક્રમિત થયેલા હતા. બન્ને જૈફ વયના છે. જોકે દાદા આજે કોરાના સામે વિજયી થઈ શક્યા ન હતા.

## હવે એસવીપી અને સોલા હોસ્પિટલમાં પણ કોરોનાના ટેસ્ટ કરવામાં આવશે : ડૉ. જયંતિ રવિ

ગાંધીનગર, તા. ૧૦

અમદાવાદની એસ.વી.પી. અને સોલા હોસ્પિટલમાં કોરોના



ટેસ્ટ કરવાની મંજૂરી ભારત સરકાર દ્વારા આપવામાં આવી છે તેમ રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિએ આજે પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતુ.

તેમણે કહ્યુ હતુ કે દેશની તુલનામાં રાજ્યમાં જે ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે તેનો આંક પણ વધારે છે એટલુ જ નહિ ગુજરાત ટેસ્ટ કરવાની બાબતમાં દેશમાં ૧ થી ૧૦ રાજ્યોમાં સ્થાન ધરાવે છે.

સુશ્રી રવિએ કહ્યુ હતુ કે હવે જે જિલ્લાઓમાં સંક્રમણના કેસ નથી મળ્યા તેવા જિલ્લાઓમાંથી પણ આગામી બે થી ત્રણ દિવસમાં ૧૦૦-૧૦૦ જેટલા ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવશે અને તેની પણ ચકાસણી કરવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાતમાં આ બે હોસ્પિટલોને મંજૂરી મળતાં હવે ટેસ્ટની આપણી ક્ષમતામાં વધારો થશે. જે જિલ્લામાંથી કેસ નથી મળ્યા તે જિલ્લાઓમાં સરકાર સામે ચાલીને ટેસ્ટ કરવા આગળ વધી રહી છે જેથી કોઈપણ વ્યક્તી સંક્રમિત ન હોય. રાજ્યમાં કોરોનાના ૩૭૮ પોઝીટીવ કેસ નોંધાયા છે. જેમાંથી ૩૦ લોકો સંપૂર્ણ રીતે સાજા થઈને ઘરે ગયા છે જ્યારે ૧૭ લોકોના મોત થયા છે. ડૉ. જયંતિ રવિએ જણાવ્યુ હતુ કે રાજ્યની તમામ હોસ્પિટલો અને તબીબો પાસેથી ''સારી''ના કેસોની તાત્કાલિક માહિતી મળી રહે તે માટે તંત્ર દ્વારા ડૉ. ટેકો એપ્લીકેશન શરૂ કરવામાં આવેલ છે જે અંતર્ગત ૨૮૩૨ જેટલા ખાનગી તબીબોએ રજીસ્ટ્રેશન કરાવેલ છે.



સેનેટાઈઝેશન - કોરોનાના સંક્રમણ વચ્ચે ગાંધીનગર શહેરનો ખૂણેખૂણે સેનેટાઈઝેશન કરવા તંત્ર દ્વારા નિર્ણય કરાયો છે... ગીચ વસ્તી ધરાવતા સેક્ટરોને અગ્રતા આપવામાં આવી છે... આજે સેક્ટર-૨૪ના આખા વિસ્તારમાં મનપાના ફાયરબ્રિગેડ વિભાગ દ્વારા સેનેટાઈઝેશનની કામગીરી હાથ ધરાઈ હતી...

## જી.પી.એફ.ના ત્રિમાસિક વ્યાજદરમાં ઘટાડો કરાયો

ગાંધીનગર, તા. ૧૦

કર્મચારીઓના જી.પી.એફ. પર આપવામાં આવતા વ્યાજમાં ૦.૮ ટકાનો ઘટાડો આગામી ત્રિમાસિક ગાળા માટે કરવામાં આવ્યો છે.

રાજ્યના નાણાં વિભાગે ભારત સરકારના નાણાં મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગ દ્વારા તા. ૭મી એપ્રિલે પાઠવવામાં આવેલ પત્રમાં સામાન્ય ભવિષ્ય નિધિ અને અન્ય સમાન પ્રકારના ફંડ ઉપર ૧-૪-૨૦૨૦ થી ૩૦-૬-૨૦૨૦ સુધીના ત્રિમાસિક ગાળા માટે વ્યાજદર ૭.૧ ટકા નિયત કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના કર્મચારીઓની સામાન્ય ભવિષ્ય નિધિમાં જમા રકમ પર આ વ્યાજ ચુકવવામાં આવશે.

રાજ્યના નાણાં વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અગાઉ ૭.૯ ટકા લેખે આ નિધિ પર વ્યાજ ચુકવવામાં આવ્યુ હતુ. હવે તેમાં ૦.૮ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

## પંચાયત પ્રમુખના નેતૃત્વમાં વર્તમાન-પૂર્વ પદાધિકારીઓનું પ્રતિનિધિ મંડળ ડી.ડી.ઓ.ને મળ્યુ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ રામાજી ઠાકોર, પંચાયત વિપક્ષના નેતા જયેશ ચૌધરી અને વિવિધ સમિતિઓના ચેરમેનોનું એક પ્રતિનિધિ મંડળ આજે જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલને મળ્યુ હતુ.

આ પ્રતિનિધિ મંડળે જિલ્લામાં આરોગ્યની જાળવણી માટે બજેટમાં જોગવાઈ ઉપરાંત પણ ખર્ચ કરવાની જરૂરિયાત જણાય તો તે ખર્ચ કરવા જણાવ્યુ હતુ.

જિલ્લાના ચારેય તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં લોકડાઉનનો અસરકારક અમલ થાય તે જોવા જિલ્લા વિકાસ અધિકારીએ આગ્રહ કર્યો હતો એટલુ જ નહિ પણ રાત્રે ટોળુ વળી બેસતા ગ્રામજનો ના બેસે તેવો આગ્રહ કર્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારીએ આગામી એક-બે દિવસમાં એ.પી.એલ.-૧ના કાર્ડધારકોને વિતરીત થનારી કીટમાં પંચાયતના સભ્યો પણ સોશિયલ ડિસ્ટન્સ જાળવી શાંતિપૂર્વક તેનુ વિતરણ થાય તેમાં સહકાર આપે તે જોવા જણાવ્યુ હતુ.

પ્રતિનિધિ મંડળને જિલ્લામાં હાલ ચાલી રહેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આરોગ્યની ટીમોને સહકાર આપવા પણ કહ્યુ હતુ. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં દવાનો છંટકાવ થાય તેમજ કોઈપણ શંકાસ્પદ દર્દી જણાય તો તાત્કાલિક આરોગ્ય સત્તાવાળાઓનું ધ્યાન દોરવા પણ જણાવ્યુ હતુ.

જિલ્લામાં કોરોનાના કેસો સંક્રમણને કારણે થયા છે ત્યારે લોકો સાવધાન-સતર્ક રહી અને સરકારની આપેલ સૂચનાઓનો અમલ કરશે તેવી ખાતરી પણ આ પ્રતિનિધિમંડળે આપી હતી.

### રાત્રિના સમયે કાર લઇને આંટો મારવા નિકળી પડે છે

## લોકડાઉનમાં બિનજરૂરી બહાર નિકળતા સરકારી અફસરોનો રૂઆબી મિજાજ

**કપરા સંજોગોમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓને કાર્ડ બતાવી રકઝક કરતા હોવાના કિસ્સા : શિક્ષિત હોવા છતા ઘરમાં સુરક્ષિત રહેવાના અભિગમની અવગણના : પોલીસ માટે પણ શિરદર્દ : પોલીસને અફસરી મિજાજ બતાવતા આવા અધિકારીઓ સામે પણ પગલા લેવાય તે અનિવાર્ય**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં છેલ્લા બે સપ્તાહથી વધુ સમયથી લોકડાઉન વચ્ચે પોલીસતંત્ર સતત કપરા સમયમાં પણ ઉમદા સેવા આપી રહ્યુ છે. નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર પહેરો આપી પેટ્રોલીંગમાં જોવા મળતા પોલીસ જવાનો માટે કેટલાક સરકારી અફસરો શિરદર્દ સમાન બન્યા છે. રાત્રિના સમયે કાર લઈને લટાર મારવા નિકળી પડતા આ અફસરો પોલીસ રોકતા પોતાનુ આઈ કાર્ડ બતાવીને લોકડાઉનના નિયમોનુ ઉલ્લંઘન કરે છે. મહામારીના કપરા સંજોગોમાં પણ કેટલાક સરકારી અફસરો વી આઈ પી હોવાનો રૂઆબ સાથે લઈને ફરે છે. એટલુ જ નહીં પરંતુ પોલીસનુ કામ વધારે છે. ત્યારે પોલીસ સાથે અફસરી મિજાજ દાખવતા આવા સરકારી અધિકારી સામે પણ કડક પગલા લેવાય તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં છેલ્લા ૧૭ દિવસથી લોકડાઉન છે. લોકડાઉન વચ્ચે આમ નાગરિકો ઘરની બહાર ન નિકળે તે માટે પોલીસ સતત નગરના માર્ગો પર પહેરો જમાવીને ઉભી છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર પોલીસ પેટ્રોલીંગ પણ સઘન કરી દેવાયુ છે. મહામારીના આકરા સંજોગોમાં પોલીસ દિવસ રાત મહેનત કરીને આમ નાગરિકોની સલામતી માટે ખડેપગે જોવા મળે છે. કોઈપણ સંજોગોમાં નાગરિકો બિનજરૂરી ઘરની બહાર ન નિકળે તે માટે પ્રયત્નશીલ છે. ગુજરાત સહીત બહારના રાજયોમાં પણ પોલીસ તંત્ર અનેક અસરકારક નુસખાઓ અજમાવી નાગરિકો ઘરમાં જ રહે તે માટે નાગરિકોને ઘરમાં રહેવા પ્રોત્સાહીત કરી રહી છે. ગાંધીનગર સિવાયના અમદાવાદ સહીતના શહેરોમાં બિનજરૂરી બહાર નિકળતા નાગરિકો પ્રત્યે પોલીસતંત્રએ વધુ કડક વલણ પણ અપનાવ્યુ છે. જયારે ગાંધીનગર જિલ્લામાં પણ પોલીસ તંત્રએ આ હરકતને રોકવા માટે અત્યાર સુધી સંખ્યાબંધ વાહનો ડીટેઈન કર્યા છે. આમછતા મહામારીના સંજોગોમાં પણ સરકારી નગરી તરીકે ઓળખાતા આ શહેરમાં જુદા જુદા વિભાગના અધિકારીઓ વી આઈ પી મિજાજ લઈને જ ફરે છે. કોરોના વી આઈ પી કે સામાન્ય માણસ માટે સરખી જ અસર આપે છે. ત્યારે આ ખતરનાક વાયરસની અસરથી બચવા માટે સતત પોલીસ તંત્ર નાગરિકોને મદદરૂપ થઇ ઘરમાં રહો અને સુરક્ષિત રહોનો અભિગમ અપનાવી રહી છે. છતા ગાંધીનગર જેવા શિક્ષિત શહેરમાં અફસરો લોકડાઉન વચ્ચે પણ વી આઈ પી હોવાનો રૂઆબ દાખવે છે. રાત્રિના સમયે બિનજરૂરી બહાર નિકળી પડતા અધિકારીઓ પોલીસતંત્ર માટે શિરદર્દ સમાન બને છે. કાંઈ કામ ન હોય તો પણ કાર લઈને માર્ગ પર આંટાફેરા કરતા આ સરકારી અફસરો પોલીસને આઈ કાર્ડ બતાવી પોતે જાણે લોકડાઉનથી બહાર હોવાનો અહેસાસ કરાવે છે. ત્યારે સરકારે આ અધિકારીઓને પણ લોકડાઉનના નિયમો પાળવા માટે ફરજ પાડવા અસરકારક પગલા લેવાની અનિવાર્યતા છે. જુદા જુદા વિભાગના સરકારી

● અનુસંધાન પાન-૭ પર

## અમદાવાદ હોટસ્પોટ બન્યું

**શુક્રવારે ૪૪ નવા કેસ : સરકારી દવાખાનાના મહિલા ડોક્ટરનો રિપોર્ટ પોઝિટિવ : નવા વાડજ કિરણ પાર્ક વિસ્તાર ક્લસ્ટર ક્વોરન્ટીન થયો**

અમદાવાદ,તા.૧૦

અમદાવાદ શહેર જાણે કોરોના વાયરસનું હવે સંવેદનશીલ હોટસ્પોટ બની ગયું છે અને રોજ સૌથી વધુ કેસો પણ અમદાવાદમાં



જ સામે આવી રહ્યા છે. આજે પણ અમદાવાદમાં ૪૪ નવા કોરોના પોઝિટિવ કેસો સામે આવતાં શહેરના કુલ પોઝિટિવ કેસોના આંક ૧૯૭ થયો છે, જેને લઈ હવે અમ્યુકો, સ્થાનિક આરોગ્ય તંત્ર અને જિલ્લા વહીવટીતંત્ર દોડતુ થયુ છે તો સાથે સાથે નાગરિકોમાં પણ હવે કોરોનાને લઈ એક ફફડાટ જોવા મળી રહ્યો છે. શહેરના નવા વાડજ વિસ્તારમાં આવેલી શ્રીહરિ સોસાયટીમાં રહેતા સરકારી દવાખાનાના મહિલા ડોક્ટરનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. જેને પગલે તેઓ રહેતા હતા તે કિરણ પાર્ક વિસ્તારને ક્લસ્ટર ક્વોરન્ટીન કરાયો છે. પોલીસની ટીમ દ્વારા કેશવ એપાર્ટમેન્ટ સહિતની જગ્યાએ સીલિંગ પ્રક્રિયા હાથ ધરાઈ છે. અહીં સેનેટાઈઝેશનની પ્રક્રિયા હાથ ધરાશે. સાથે જ આરોગ્ય વિભાગ દ્વારા શંકાસ્પદ લક્ષણો ધરાવતા લોકોના સેમ્પલ લેવામાં આવશે. શહેરમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ઉત્તરોત્તર વધી રહી છે. ત્યારે શહેરમાં નવા ૪૪ કેસો આવ્યા છે. જેમાં સારવાર કરનાર ડોક્ટર પણ સામેલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com